

## સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
99789-26251

### સલામી સવારની..

*કાયદાના અવરોધમાં સૌ રીઢા થઈ ગયા છે,*
*માનતા નથી બંધારણ સૌ મીંઢા થઈ ગયા છે.*
*ચાલતા નથી સીધા, સુપ્રીમની સોટી વિના કોઈ -*
*નાની વાતો પકડે હઠ સૌ ઝૂંઢા થઈ ગયા છે*

### હાઈકુ

*ભાંગ્યું ભારત!*
*અખંડ રહ્યું નથી -*
*(છે) સ્વતંત્ર સૂબા*

*ભૂલો સંસદ*
*ધો 'સૂપ્રીમ' ને સત્તા*
*કેન્દ્ર નામનું*

### ચિંતન

*યત્ પ્રત્યસ્તાઽશેષ માયા વિશેષં પ્રત્યગ્રૂપં પ્રત્યયાઽગમ્યમાનમ્ ।*
*સત્યજ્ઞાનનાઽનન્ત માનન્દરૂપં બ્રહ્માઽદ્વૈત યત્ તદેવાઽમસ્મિ ॥*

**ઉપરોક્ત શ્લોક 'વિવેકચૂડામણિ' ગ્રંથમાંથી લેવામાં આવેલ છે.**

**માયાજન્ય સમગ્ર વિશેષો રહિત, સ્વાત્મરૂપ, આ કે તે રૂપે ન સમજાય તેવું, સત્ય, જ્ઞાન, તેમજ અનંતસ્વરુપ, આનંદસ્વરુપ જે અદ્વૈત બ્રહ્મ છે, તે જ 'હું' છું.**

**'આત્મા' એ 'પરમાત્મા' નો અંશ છે. એ અદ્વૈત બ્રહ્મ છે જ્યારે એ મોહ-માયા-લોભ-શોક-દ્રોહથી ભિન્ન થઈ જાય ત્યારે તે 'અદ્વૈત' પણ સમજી શકે છે. પરમહંસ-બુદ્ધ-મહાવીર જેવા માનવ આત્મા પરમાત્મા અદ્વૈત બ્રહ્મ થઈ શક્યા હતા.**

### સુવિચાર

- માત્ર આંખ ખુલે તેને ઉઠ્યા કહેવાય પણ દૃષ્ટિ ખૂલે તેને જાગ્યા કહેવાય - **વજુ કોટક**
- છુરી કા તીર કા તલવાર કા તો ઘાવ ભરા, લગાજો જખમ જબાંકા, રહા હંમેશા હરા - **ઈસ્માઈલ મેરઠી**
- ઉચિત વસ્ત્રો માનવીનું બાહ્ય વ્યક્તિત્વ સજાવે,
  ઉચિત વર્તન માનવીનું આંતર વ્યક્તિત્વ સજાવે - **ધર્મલોક**
- કેટલું સરળ છે ઈશ્વર 'ને' માનવું, પરંતુ કેટલું કઠણ છે ઈશ્વર 'નું' માનવું - **અંતરનાદ**
- માણસ કોઈને ખોટું ના લાગે એના માટે કેટલું ખોટું બોલે છે - **કાજલ ઓઝા વૈદ્ય**
- ખોટો માણસ 'પૂજાય' અને સાચો માણસ 'મુંઝાય' બસ આનું નામ જ 'કળિયુગ' - **પ્રેમ સુમેસરા**
- આજનું ઔષધ : સુકા આમળા નાખી કોપરેલ તેલ ગરમ કરવું, ઊકળેલું તેલ ઠંડુ થાય પછી તેની માલીશ વાળમાં કરવાથી વાળ કાળા અને ભરાવદાર થાય છે **(સંકલન : દીપક વી. આશરા)**

### બોધકથા

જયારે તાકાત લગાવો ત્યારે પૂરી તાકાત લગાવો. વધુ ને વધુ હિંમતવાન બનતા જાવ એટલે નિર્ભિકતા આપ મેળે આવી જાય. નિર્ભિકતા એ હિંમતની અંતિમ અનુભૂતિ છે.

લોર્ડ જયોર્ડને એકવાર યુદ્ધ બાબતનો મોટો નિર્ણય લેવાનો હતો. યુદ્ધમાં હાર થાય એવું લાગતું હતું. હાર થવાથી તેમની સિદ્ધિને કલંક લાગી જવાનો ભય હતો. જોખમ લઈને તેમણે નિર્ણય લીધો અને જીત થઈ.

લોર્ડ જયોર્જના અંગત સહાયકે પૂછ્યું, 'આપેઆ હારને જીતમાં કેવી રીતે પલ્ટી નાખી?' ત્યારે જયોર્જે કહ્યું, 'મોટો નિર્ણય મારે લેવાનો હોય ત્યારે મારા માત્ર ત્રણ 'ખ' મહત્ત્વનાં છે ખત, ખુમારી અને ખમીર. જો મોટું ખાબોચિયું કૂદવું હોય તો એક મોટી ફલાંગ ભરીને કૂદી જવાય. ત્યાં બે ડગલાંના ભરાય. બે નાના કૂદકા નુકશાન કરે. મારી જીત આવી રીતે થઈ છે.'

સહાયકને જયોર્જની વાત સમજાઈ અને તેમની ખંત, ખુમારી અને ખમીરની પ્રશંસા કરી.

# રાહુલ ગાંધી ફાઈટિંગ મોડમાં

**તંત્રીસ્થાનેથી...**

કોંગ્રેસ માટે આ સમય 'કરો યા મરો' જેવી પડકારભરી પરિસ્થિતિનો છે. ગાંધીજીએ આવું સૂત્ર આવી બ્રિટીશ રાજની ઊંઘ હરામ કરી દીધી હતી. રાહુલ ગાંધી એ મહાત્મા ગાંધી નથી; એ ઈંદિરા ગાંધી અને ફિરોઝ ગાંધીના પૌત્ર છે. પણ ભારતીય રાષ્ટ્રીય કોંગ્રેસનો સુદીર્ઘ નાખવાનો વિચાર રમતો મૂકલો અને આઝાદી મેળવવાનું એનું લક્ષ્ય આંબ્યા પછી કોઈ અન્ય નામે રાજકીય સંગઠન રચવાનું સૂચન પણ કરેલું. એમનું એ સૂચન એમના લાડકા ચેલાઓ જેવા પંડિત જવાહરલાલ નહેરુ કે સરદાર પટેલને નહોતું ગમ્યું. જે સંસ્થા ૨૮ ડિસેમ્બર, ૧૮૮૫થી આઝાદી મળી ત્યાં સુધી લોકસેવા અને બ્રિટીશ રાજ સામેના અહિંસક સંઘર્ષની આગેવાની લેનાર રાજકીય પાર્ટી તરીકે લોક હૈયે પ્રસ્થાપિત થઈ ગઈ હોય એને વિખેરી દેવામાં કોંગ્રેસના તત્કાલીન વરિષ્ઠ નેતાઓને ઔચિત્ય નહોતું લાગ્યું એટલે સરદાર પટેલ સહિતના નેતાઓએ એ કામ ભવિષ્યના કોઈ નરેન્દ્ર મોદી જેવા નેતા માટે અનામત રાખ્યું હોય તે બનવાજોગ છે. પરંતુ કોંગ્રેસનાં મૂળિયાં આ દેશમાં એટલાં ઊંડા છે કે એને સમાજવાદીઓ, સામ્યવાદીઓ અને પ્રાદેશિક અસ્મિતાના નામે ઊભાં થયેલાં રાજકીય સંગઠનોએ માત આપવા કરેલા અણથક પ્રયત્નો છતાં એ હારી નહોતી. એને હરાવી એના જ લોકોએ. એક વાર મોરારજી દેસાઈ અને જય પ્રકાશ નારાયણ જેવા નેતાઓએ એને નમાવી હતી. ફરી એક વાર વાજપેયીની વિશિષ્ટ પ્રતિભાના બળ પર જમણેરી પરિબળોએ એને ઝુકાવી અને છેલ્લે ભારતીય જનતા પાર્ટીએ નરેન્દ્ર મોદીનો હિંદુત્વવાદી ચહેરો વિકાસનું મહોરું પહેરાવીને રજૂ કર્યો હતો ત્યારે એ છેક હાંસિયે ધકેલાયઈ ગઈ હતી. કોંગ્રેસની સૌથી મોટી નબળાઈ એમાં હાવી થયેલું પારિવારિક વર્ચસ્વ છે. રાહુલ ગાંધી અને પ્રિયંકા એ જ પરિવારવાદનાં પ્રતિકો છે. કોંગ્રેસ આવડા મોટા દેશમાંથી એક પરિવાર સિવાય બહાર જોઈ જ નથી શકતી તે ઈંદિરા ગાંધી પછી રાજીવ ગાંધી અને રાજીવ હત્યા બાદ સોનિયા ગાંધી અને રાહુલ-પ્રિયંકા સુધીની પરંપરા સૂચક છે. રાહુલ ગાંધી સામે મોદી સહિતના નેતાઓ પાસે સૌથી મોટો મુદ્દો હોય તો તે આ પરિવારવાદ છે. કોંગ્રેસ મુક્ત ભારત કરતાં પરિવારમુક્ત ભારત કરવાનું સૂત્ર બેઉ બળૂકા નેતાઓએ એકી સાથે આપવા જેવું છે. મોદી દેશને રાહુલ ગાંધી જે પરિવારનું ફરજંદ છે એના સકંજામાંથી મુક્ત કરાવવાનું સૂત્ર આપે અને રાહુલ ગાંધી દેશને સંઘ પરિવારના સકંજામાંથી છોડાવવાનું સૂત્ર આપે તો કેવો રૂડો જંગ જામે ! સંઘ પરિવારે જે રીતે સરકારમાં જ નહીં બલકે બંધારણીય સંસ્થાઓ અને ન્યાયતંત્ર સુધી પગ પસાર્યા છે તે દેખીતી રીતે જ ચિંતાજનક બાબત છે. પરંતુ એનો પ્રતિકાર ટ્રિપલ તલાકનો કાનૂન રદ કરવાથી ન થાય. રાહુલ ગાંધીનાં કેટલાંક નાદાનિયતથી ભરેલાં નિવેદનો એમને હિંદુઓના મતોથી વંચિત રાખી શકે છે. તેઓ શિવભક્ત હશે એની ના નહીં, પણ મુસ્લિમ મહિલાઓનાં હિતમાં લેવાયેલ વર્તમાન સરકારનો નિર્ણય બદલવાનું વોંટબેકનું રાજકારણ એમને ભારે પડશે. રોબર્ટ વાડ્રાની સામે તપાસ કરવાનો મોદી સરકારનો નિર્ણય વાજપી છે અને જો એ ગુનેગાર ઠરે તો ખુદ પ્રિયંકા ગાંધી અને રાહુલ ગાંધીએ અદાલતનો ચુકાદો શિરોમાન્ય ગણવો જોઈએ. પ્રિયંકા 'નઈ રોશની' લઈને આવ્યા છે એવા ભ્રમમાં ફક્ત ચમગારીરી કરનારા નારાબાજી નિષ્ણાંત કોંગ્રેસી કાર્યકરો જ રહી શકે. નહીં રોશની લાવવા માટેની કોઈ પ્રતિભા પ્રિયંકા પાસે છે કે નહીં એનો પુરાવો તો તેઓ સાંસદ તરીકે ચૂંટાયા પછી એમની કામગીરીથી જ આપી શકે. રાહુલ ગાંધીની ટીમ અલબત્ત હવે આક્રમક મૂડમાં છે પરંતુ પ્રિયંકાને ઉત્તરપ્રદેશનાં પ્રભારી બનાવી દેવાથી જ કોઈ ચમત્કાર સરજી શકાશે એવા મીઠા ભ્રમમાં રહેવાની જરૂર નથી. માયાવતી અને અખિલેશ જેવા પ્રસ્થાપિત પ્રાદેશિક નેતાઓને નુકશાન પહોંચાડી એ 'મોદીજી'ને મદદ કરી શકે એવી શકયતા ખરી !

## ઈન્સાન કી જાત ઉસે અચ્છા-બુરા નહીં બનાતી, ઉસકે કર્મ ઉસે અચ્છા-બુરા બનાતે હૈ



### ડાયલોગથી દેવભાષા

ડો. જય ઓઝા

ઈન્સાન કી જાત ઉસે અચ્છા-બુરા નહીં બનાતી, ઉસકે કર્મ ઉસે અચ્છા-બુરા બનાતે હૈ
- આક્રોશ

ઈ.સ. ૨૦૧૦માં આવેલી પ્રિયદર્શન દિગ્દર્શિત 'આક્રોશ' અજય દેવગન અને અક્ષયખન્ના અભિનિત ખૂબ જ સુંદર ફિલ્મ હતી. પ્રેક્ષણીય ફિલ્મ હોવા છતાં ફિલ્મ બહુ ચાલી ન હતી. 'ઑનર કિલિંગ' જેવા સંવેદનશીલ વિષય પર બનેલી આ ફિલ્મને વિવેચકોએ વખાણી હતી.

'ઉરી' ફિલ્મના ડાયરેક્ટર આદિત્ય ધરે આ ફિલ્મના સંવાદ લખ્યા હતા.

સંવાદ સારી રીતે લખાયો હોય અને તેમાં પણ ફિલ્મમાં આ ડાયલોગ અજય દેવગનના અવાજમાં બોલાયો હોય તો તો કહેવું જ શું ? વ્યક્તિ જન્મથી નહીં પરંતુ કર્મથી જ મહાન બનતો હોય છે... તેવો સંદેશ આ સંવાદથી મળે છે...

પરંતુ કર્મથી મહાન બનવાની અને કર્મની મહત્તા તો આપણા ગ્રંથોમાં ગીતાથી માંડીને બીજા અનેક ગ્રંથોમાં વર્ષો પહેલાથી કરવામાં આવી છે.

આવી જ વાત સમજાવતો એક શ્લોક 'શુક્રનીતિ' નામક ગ્રંથમાંથી મળી આવે છે. શુક્રનીતિમાં ૨૦૦૦ શ્લોક છે.

ન જાત્યા બ્રાહ્મણશ્ચાત્ર ક્ષત્રિયો વૈશ્ય એવ ન ।
ન શૂદ્રો ન ચ વૈ મ્લેચ્છો ભેદિતા ગુણકર્મભિઃ ॥

- આ સંસારમાં કોઈ પણ જન્મથી બ્રાહ્મણ, ક્ષત્રિય, વૈશ્ય, શુદ્ર કે મ્લેચ્છ નથી. આ બધા ભેદ ગુણ અને ક્રમથી જ થાય છે.

શુક્રાચાર્ય દ્વારા લિખિત આ ગ્રંથનો રચના સમય કોઈ પણ વિદ્વાન ચોક્કસ કહી શકતો નથી.

શુક્રનીતિના વિષયવસ્તુ અને શૈલીના આધારે આ ગ્રંથની કૌટિલ્યના અર્થશાસ્ત્ર પછી જ આની રચના થઈ હશે, એવું મનાય છે. કાશીપ્રસાદ જયસ્વાલ અનુસાર આ ગ્રંથ આઠમી શતાબ્દીની રચના માની શકાય.

'શુક્રનીતિ' રાજકારણની રીતે ખૂબ જ મહત્ત્વનો ગ્રંથ ગણાય છે. સંસ્કૃત સાહિત્યમાં 'ચાણક્યનીતિ', 'વિદૂર-નીતિ', 'મનુ-સ્મૃતિ', 'યાજ્ઞવલ્ક્ય-સ્મૃતિ' જેવાં ગ્રંથોમાં ન્યાય પ્રક્રિયા, સામાજિક રીત-રિવાજો, રાજાના ધર્મ, દણ્ડનીતિ વગેરેનું સુંદર આલેખન કરવામાં આવ્યું છે.

કહેવાતા સુધારાવાદી વિધાન માટે ભલે આજના નવતર સર્જકો અને લેખકો જશ લઈ જાય, પરંતુ વાસ્તવમાં સંસ્કૃત સાહિત્યમાં તો વર્ષો પહેલા જ કર્મનું મહત્ત્વ અને જાતિ આધારિત ભેદભાવની વાતોને રદિયો અપાયો હતો, તે આ શ્લોકથી સમજાય છે.

- jayuoza@gmail.com, Mo. 9898046488

## આજે માતૃભાષાની કાર્યશાળા



### સાહિત્ય વૃત્ત

મૂળજીભાઈ પરમાર 'દધિ'

વૃત્તસંચય

● વ્યક્તિત્વના ધબકતા પ્રાણસમી, ગુર્જરધરાની અને નિખારવા તથા ગુજરાતીના ભાષાશાસ્ત્ર અને ભાષાના મૂળરૂપ વ્યાકરણની સમજૂતિ માટે કાર્યરત સંસ્થા 'માતૃભાષા ગૌરવ પ્રતિષ્ઠાન' દ્વારા યોજવામાં આવતી કાર્યશાળાઓ અંતર્ગત; ૧૮મી કાર્યશાળા તા. ૯મી ફેબ્રુઆરીને શનિવારના દિવસે બપોરે ૩.૦૦ થી ૫.૩૦ દરમિયાન ચિલ્ડ્રન યુનિવર્સિટી, સેક્ટર-૨૦ ખાતે યોજવામાં આવશે. આ કાર્યશાળામાં વાર્તાકાર, નવલકથાકાર, ચરિત્રકાર, વિવેચક અને 'જીવનશિક્ષણ' સામયિકના સંપાદક તથા જેમણે ૩ વાર્તાસંગ્રહો અને ૧૧ નવલકથાઓ આપી છે. અને જેમનાં બે પુસ્તકો ગુજરાત સાહિત્ય અકાદમી દ્વારા પુરસ્કૃત થયેલ છે. તેવા સાહિત્યકાર અને ગાંધીનગર સાહિત્યસભાના મહામંત્રી કલ્પેશભાઈ પટેલ 'સમાસ' નો વિષય વિસ્તૃત છણાવટથી શીખવશે. આ કાર્યશાળામાં ઉપસ્થિત રહેવા જાહેર નિમંત્રણ પાઠવવામાં આવ્યું છે.

- muljibhaidadhi@gmail.com

# કુશળ વહીવટકર્તાના અતીતનો આનંદ



### ક્ષણના ચણીબોર

વી. એસ. ગઢવી

હરિલાલ સોમજીભાઈ છાયાના દુ:ખદ નિધનના સમાચાર તાજેતરમાંજ 'કચ્છમિત્ર'માં વાંચવા મળ્યા. કચ્છના દેશી રજવાડામાં તેમનો જન્મ થયો હતો. તેમના પિતાશ્રીની દરબારી નોકરીમાં સતત ફેરબદલી તેમજ બીજા પ્રતિકૂળ સંજોગો વચ્ચે પણ ૧૯૩૦ થી ૧૯૮૦ સુધીની તેમની કારકીર્દિ ભાતીગળ રહી છે. ૧૯૧૫ના અષાઢી બીજના દિવસે જન્મેલા આ વહીવટદારની નિરંતર પ્રગતિ બીજના ચંદ્ર જેવીજ મનોહર તેમજ પ્રભાવી રહી છે. તેમનું આત્મકથાનક 'અતીતનો આનંદ'માંથી પસાર થતા લખાણની તેમની રોચક, પ્રવાહી તેમજ બીનઆડંબરયુક્ત શૈલિના દર્શન થાય છે. પોતાના વહીવટી અનુભવો લખીને છાયા સાહેબે તત્કાલિન સમય અંગે ઉપયોગી માહિતી પૂરી પાડી છે. હરિલાલભાઈનું આ પુસ્તક માહિતી વિભાગના નિવૃત્ત અધિકારી શાંતિભાઈ સોની મારફત કચ્છમિત્રના સબ એડિટર નરેશ અંતાણી પાસેથી મળી શક્યું તેનો આનંદ થયો. અંગ્રેજીમાં સનદી સેવાના આત્મકથા સ્વરૂપના પુસ્તકો મોટી સંખ્યામાં મળે છે. ગુજરાતીમાં પણ લલિતચંદ્ર દલાલ, કુલિનચંદ્ર યાજ્ઞિક તથા હસમુખ શાહના આ પ્રકારના લખાણો નોંધપાત્ર છે. હાલમાં પ્રવિણભાઈ લહેરી પણ 'અખંડઆનંદ' માસિકમાં સેવાકાળના સ્વાનુભાવો રસાળ શૈલિમાં આલેખે છે. છાયા સાહેબના અતીતનો આનંદ માણવા જેવો તથા વહેંચવો ગમે તેવો છે. છાયા સાહેબે લખેલા પ્રસંગોમાંથી કેટલાક ફરી ફરી યાદ કરવા ગમે તેવા છે.

કચ્છ – સૌરાષ્ટ્રમાં મોટાભાગે શ્રાવણ માસમાં અનેક મેળાઓનું આયોજન થાય છે. છલોછલ લોક ઉત્સાહ તથા લોકભાગીદારીને કારણે આ મેળાઓ ભાતીગળ તથા જીવંત હોય છે. '' મેળે મેળે સૌ મળે એ મેળો '' એવી ઉક્તિ ખરી છે. કારણકે મેળામાં મહાલવા માટે કોઈ આમંત્રણ મોકલવાના હોતા નથી. સ્વયં ઉત્સાહથી આ મેળાઓ ભરાય છે અને વિખેરાય છે. રાપરના આવા એક મેળામાં પોતાના શાળા જીવન દરમિયાનના સ્વાનુભવને હરિલાલભાઈએ ટાંક્યો છે જે રમૂજ સાથે તે સમયની વાસ્તવિક સ્થિતિ તરફ ધ્યાન દોરે છે. હરિભાઈએ ભવાઈના ખેલના એક પ્રસંગનું આલેખન કર્યું છે :

ભવાઈનો ખેલ બરાબર જામ્યો હતો. ખેલના વિષય અભિમન્યુના ચક્રવ્યૂહ ભેદવાને સંબંધિત હતો. અભિમન્યુ પ્રચંડ શક્તિથી ઝૂઝી રહ્યો હતો. તેની મદદમાં ભીમ વગેરે યોધ્ધાઓ હતા. છ કોઠાને બહાદુરીપૂર્વક ભેદીને અભિમન્યુ સાતમે કોઠે પહોંચ્યો. પ્રેક્ષકો આગળના દ્રષ્યો જોવા આતુર હતા. પરંતુ અચાનક અભિમન્યુ તેના હથિયારો સાથે જમીન પર બેસી ગયો. તેના મદદગાર યોધ્ધાઓ પણ બેસી ગયા. પૂછપરછ થતાં અભિમન્યુએ ખુલાસો કરતાં જણાવ્યું કે તેમની ખાધાખોરાકીનો બંદોબસ્ત થયો ન હતો. આથી તેઓ થાકી ગયા છે. ખેલ જોનારા સૌ ચમકી ગયા. બાળકોએ ધમાલ કરીને વડીલોને જણાવ્યું કે જલ્દી ખેલ ચાલુ કરાવો. અંતે ગામના વેપારીઓએ સીધા સામાનની વ્યવસ્થા કરવા માટેની હૈયાધારણ કલાકારોને આપી. ફરી અભિમન્યુ જોશભેર ઊભો થયો. કૌરવોને પડકારીને સાતમો કોઠો વિંધવા જંગે ચડ્યો. કથા મુજબ આ યુધ્ધમાં જોકે અભિમન્યુનું મૃત્યુ થયું. હરિલાલનું બાળમાનસ વિચારે છે કે જો ખોરાકીનો બંદોબસ્ત નથયો હોત તો સારું થાત. કમસે કમ અભિમન્યુ તો બચી ગયો હોત !

'અતીતના આનંદ' ને વાગોળતા છાયા સાહેબેતેમની મુંદ્રા ખાતેની વહીવટદાર તરીકેની નિમણુંકની વાત લખી છે. હાલના સંદર્ભમાં જોઈએ તો મામલતદાર જેવી આ જગા ગણાય. પરંતુ વાહન વ્યવહારના આજના ઝડપી યુગમાં ભૂજથી મુંદ્રા પહોંચવામાં જે મુસાફરીનું વર્ણન લેખકે કર્યું છે તે લગભગ પરીકથા સમાન લાગે છે. મુંદ્રા વહીવટદાર તરીકે લેખકે જુલાઈ-૧૯૪૪ થી ઓક્ટોબર-૧૯૪૭ સુધી ફરજ બજાવી હતી. ભૂજથી મુંદ્રા પહોંચવા માટે બસની સવલત હતી, પરંતુ ભારે વરસાદને કારણે મુંદ્રાની બસ બંધ હતી. આવા સંજોગોમાં હરિભાઈ પ્રથમ મુંદ્રાથી કેરા સુધી બસમાં મુસાફરી કરે છે. કેરા રાતવાસો કરે છે. બીજા દિવસે મુંદ્રા સુધી પહોંચી શકાશે કે નહિ તેની અનિશ્ચિતતા સાથે બસ કેરાથી મુંદ્રાતરફ છાયા સાહેબને લઈને પ્રયાણ કરે છે. મુંદ્રા થોડે દૂર હતું ત્યારે બરાયા પાસેની નદી કાંઠે બસને નદીમાં પાણી તથા કીચડ હોવાથી થોભવું પડે છે. નદીના સામા કાંઠે પહોંચી શકાય તો બીજી બસ તૈયાર હતી જે મુંદ્રા પહોંચાડી શકે. વહીવટદાર સાહેબ આ વિસ્તારના અનુભવી ગ્રામ્યજનો તેમજ પોતાના કુટુંબના સભ્યો (ધર્મપત્ની તથા બે નાની પુત્રીઓ) સાથે નદી પગે ચાલીને પાર કરવાનો પ્રયાસ કરે છે. ઘુંટણ સુધીનું પાણી હોવાથી આ નદીમાં ચાલીને જવાનું શક્ય હતું. ચાલવાનું શરૂ કર્યું. નદીમાં અડધા રસ્તે પહોંચ્યા ત્યારે એક ઘોડેસ્વાર મળ્યો. આ ઘોડેસ્વાર વહીવટદાર સાહેબને લેવા માટે આવેલો હતો તેમજ સાહેબને શોધતો હતો. હવે સાહેબને મદદરૂપ થઈને રાજ્યના ઘોડેસ્વારે જળમાર્ગની મુસાફરી હેમખેમ પૂરી કરવામાં મદદ કરી ! નદીના સામા કાંઠે બીજી બસ ઊભી હતી તેમાં બેસીને અંતે મુંદ્રા પહોંચ્યા. વહીવટદારની કચેરીના કર્મચારીઓએ સ્નેહપૂર્વક શાતા પૂછીને સાહેબને આવકાર્યા. આજના 'નેટીજનો' ને આ વાત ગળે ઉતરે કે નહિ તે અલગ વાત છે. પરંતુ મુંદ્રા તાલુકાની અનેક લીલીછમ્મ વાડીઓમાં દેખાતી લીલોતરીના મૂળમાં ઊંડે આવી જીવતી નદીઓની વિશાળ જળરાશી જરૂર સંગ્રહાયેલી પડી હશે. આજે સરકારી કે સ્વૈચ્છિક સંસ્થાઓની સહાયથી બંધાતા નાના મોટા ચેકડેમો આ ભૂતકાળની નદીઓને નાની સ્મરણાંજલિ સમાન છે.

છાયા સાહેબની વહીવટી નિષ્ઠા તેમજ વ્યવહારુ કુશળતાને કારણે નિરંતર પદોન્નતિ થતી ગઈ. ગુજરાત રાજ્યની સ્થાપના પછી કલેકટર સુરત તરીકે તેમણે ૧૯૬૨-૬૩ માં કામગીરી કરી. સુરત – વલસાડ તથા ડાંગ જિલ્લાઓના તેઓ એકમાત્ર કલેકટર હતા ! આજે ઘણાં જિલ્લા – તાલુકાઓમાં આ પ્રદેશ વહેંચાયેલો છે. સુરત કલેકટર તરીકેના તેમના સ્મરણોમાં તત્કાલિન કર્મઠ મુખ્યમંત્રી જીવરાજ મહેતાની મુલાકાત અંગેની નોંધ અહોભાવ થાય તેવી છે. દક્ષિણ ગુજરાતના આ વિસ્તારોમાં નહેરોની સુવિધાઓ લાંબા સમયથી હતી. પરંતુ સુરત જિલ્લાની આ નહેરો બાબતની અનેક ફરિયાદો મુખ્યમંત્રીને મળી હતી. છાયા સાહેબ લખે છે કે જૈફ ઉમ્મરે પણ યુવાનને શરમાવે તેવી ગતિથી નહેરોના વિસ્તારમાં મુખ્યમંત્રી લાંબે સુધી પગે ચાલીને ફર્યા તથા લોકોની ફરિયાદો તેમજ સૂચનો શાંતિથી સાંભળ્યા. લોકોના પ્રશ્નોની ઊંડી સમજ તેમજ ઉચિત નિર્ણય કરવાની ત્વરીત શક્તિને કારણે જીવરાજભાઈની મુલાકાતો હમેશા ફળદાયી રહેતી હતી. વૈભવી ઠઠારાનો સંદતર અભાવ તેમજ લોકો તરફની સંવેદનશીલતા એ આ ગાંધીયુગના આગેવાનોના હોલમાર્ક સમાન હતા. ઝાકઝમાળ કચેરીઓ કે આધુનિક સુવિધાઓ તંત્રની સંવેદનશીલતાનું સ્થાન લઈ શકે નહિ તે વાતની પ્રતિતિ છાયા સાહેબે લખેલા લેખો વાંચતા સતત થયા કરે છે.

# મહાત્મા ગાંધી : એક સમાજશાસ્ત્રી તરીકે



### ગાંધી ૧૦૦

ડો. રાજેન્દ્ર જાની

સમાજશાસ્ત્ર વિશેનું ચિંતન વિશ્વભરમાં ચાલી રહ્યું છે ધર્મ-સંપ્રદાય વર્ગ વગેરેની ચર્ચા અને સંશોધન વૈશ્વિક છે. આમ નાગરિકથી માંડીને રાજકીય નેતાઓ, પત્રકારો, સમાજસેવકો, ધર્મગુરુઓ પણ સમાજ વિજ્ઞાનથી ની જેમ સમાજ નું વિશ્લેષણ કરતા રહ્યા છે અને કરતા રહેશે. સમાજશાસ્ત્ર વિષય આજે વિશ્વની વિવિધ યુનિવર્સિટીમાં ભણાવાય છે, સંશોધનો થાય છે. પરંતુ આજે હવે એક એવી અનિવાર્યતા સામે આવી છે કે સમાજશાસ્ત્રીય રીતે વધુ મજબૂત અને પ્રભાવક બનાવવા માટે વિશ્વભરના સામાજીક વિજ્ઞાનીઓએ તમામ ઘટનાઓને તુલનાત્મક રીતે તપાસવી જોઈએ ગૌતમ બુદ્ધ પછી દુનિયાભરમાં કોઈ એક વિચાર વાતો વ્યાપક રીતે મિત્રો હોય તો એ છે ગાંધીવિચાર. ગાંધી પોતે કોઈ સમાજશાસ્ત્ર વિષય ભણ્યા ન હતા કે સમાજશાસ્ત્રનું અધ્યાપન પણ કર્યું નહોતું. તેઓ તો કાયદાના વિદ્યાર્થી હતા પણ તેમનું જીવન સમાજના જીવન જનસામાન્ય સાથે ઓતપ્રોત રહ્યુ હતું. પરિણામે તેઓના ચિંતનમાં જનસામાન્ય કેન્દ્રમાં રહે એટલું જ નહીં આ જનસામાન્યના જીવનમાં મૂળભૂત પરિવર્તન લાવવાના રચનાત્મક કાર્યક્રમો પણ તેમણે આદર્યા હતા. વર્તમાન સમયમાં જેને 'એકશન સોશિયોલોજી' તરીકે ઓળખવામાં આવે છે એના મૂળિયાં તો મો.ક. ગાંધીએ નાખ્યા હતા એમ કહેવામાં અતિશયોક્તિ નથી. સ્વાતંત્ર્ય આંદોલનની સમાંતર ભારત જેવા પ્રાચીન દેશમાં જ્ઞાતિ, ધર્મ, મહિલાઓ-બાળકો, લગ્ન, અર્થજીવન વગેરે જેવા અનેક પાસાઓ જે સમાજશાસ્ત્રનો વિષયવસ્તુ છે તેમાં ગાંધીએ ખૂબ વૈવિધ્યતા સભર અને સાતત્યપૂર્ણ રીતે સતત લખ્યું છે. આ લખાણને અને કદાચ સમાજશાસ્ત્રીય લખાણો તરીકે કોઈ ન સ્વીકારે પણ એમાં સામાજિક ચિંતન તો ખરું જ એવું ચોક્કસ સ્વીકારે. ગાંધીજીના ૮૦ થી વધુ અક્ષરદેહમાંથી ગ્રંથોમાં ગાંધીએ જે લખ્યું છે એ કોઈપણ સમાજશાસ્ત્ર ના વિદ્યાર્થી કે અધ્યાપક માટે બહુ જ મોટું ભાથું છે. જેવી રીતે બાબાસાહેબ આંબેડકરના ચિંતનમાં સામાજિક અને આર્થિક મુદ્દાઓની સાથે પદદલિતો કેન્દ્રમાં છે એટલે આપણે આંબેડકરના વિચારોને જેમ આપણે subaltern અભ્યાસોમાં સમાવ્યા છે એ દૃષ્ટિએ ગાંધી પણ subaltern studies નું કેન્દ્ર બની શકે અને બનવું જોઈએ. ગાંધીજીની જિંદગીભરની મથામણ 'ઈતિહાસ વિહોણા' માનવીઓને ઈતિહાસ સાથે જોડવાની રહી હતી.

**ગાંધીજીની જિંદગીભરની મથામણ 'ઇતિહાસ વિહોણા' માનવીઓને ઇતિહાસ સાથે જોડવાની રહી હતી**

આજે જ્યારે આપણે સમાજશાસ્ત્રના પાઠ્યપુસ્તકોમાં ભૂમિકા, દરજ્જો, સહકારનો સ્થાન આપ્યું છે ત્યારે તેને ભણાવતી વખતે તેમાં અપાતા ઉદાહરણ જો ગાંધીના જીવન સાથે જોડાયેલા હોય તો એ વિદ્યાર્થીને તરત સમજાઈ જાય એમ છે ઉદાહરણ તરીકે જોઈએ તો સ્ત્રીઓના દરજ્જાની વાત કરવાની હોય કે માણસની ભૂમિકા કેવી હોવી જોઈએ એની ચર્ચામાં ગાંધીના સ્ત્રી-પુરૂષની સમાનતાની વાતમાં 'વૈષ્ણવજન' અચૂક યાદ આવે છે. એવી જ રીતે જો આપણે ૧૯મી સદીના અંત અને ૨૦મી સદીના શરૂઆતના દાયકાઓના ગુજરાત અને ભારતને ભણવું હોય તો ગાંધી ચિંતન અને ગાંધી વિચાર સમાજશાસ્ત્રના અભ્યાસક્રમનો હિસ્સો બને. સમાજશાસ્ત્ર ના વિવિધ અભ્યાસક્રમોમાં ગાંધી પ્રવેશ કરીએ તો ઈતિહાસ સાથે વર્તમાન અને ભવિષ્યને પણ સાંકળી શકાય છે વિશ્વ શાંતિની ચર્ચામાં અહિંસા કેન્દ્રમાં હોય તો એક એક બાજુ નેલ્સન મંડેલા, માર્ટિન લ્યુથર કિંગ, સિસીલીના ગાંધી દાનીલો દોલચીથી માંડીને બરાક ઓબામા સુધી ગાંધીપ્રભાવ છે. આ પ્રભાવ સમાજશાસ્ત્રના અભ્યાસોમાં અને ચર્ચાઓમાં આપણે ઉમેરીએ અને એમ કરતા ગાંધીની ટીકા-ટિપ્પણ કરીએ તેમ છતાં વાદ-વિવાદ-સંવાદનો તર્ક સુપેરે આપી શકાય.

ગાંધીના લખાણો કોઈ કલ્પના નથી તે બિહારમાં જાય, નોઆખાલી જાય, પંજાબ જાય કે જાય દક્ષિણ ભારતમાં કે મુંબઈમાં ફરે, ગાંધીજી જે દર્શન આપે છે અને તેમનું તે શાબ્દિક વર્ણન નથી. ગાંધી તેનું અર્થઘટન પણ મૂકે છે. એ સમાજનું વિશ્લેષણ છે સામાજિક અર્થઘટન ઈતિહાસ અને વર્તમાન સાથેના વિશ્લેષણ સાથેનું છે આ સંદર્ભમાં ગાંધીને સમાજશાસ્ત્રી અથવા તો સામાજિક ચિંતક ચોક્કસ કહી શકાય.

**(ગુજરાત સમાજશાસ્ત્ર પરિષદ આયોજિત ૨૯માં અધિવેશનમાં ગાંધી એક સમાજશાસ્ત્રી તરીકે' વિષય પરના બીજરૂપ વ્યાખ્યાનમાંથી)**

**(વધુ આવતા અંકે)**